# સમાજ કલ્યાણ



**"માત્ર આયોજન નહિ, પણ**
**નક્કર પરીણામલક્ષી – સમયબદ્ધ કાર્ય દ્વારા**
**નબળા વર્ગોનો ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ"**

સમાજના નબળા વર્ગો ના ઉત્કર્ષ માટે ભારતના બંધારણમાં વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રાજયના નબળા વર્ગો ખાસ કરીને અનુસૂચિત જાતિઓ ના તથા અનુસૂચિત જનજાતિઓ ના શૈક્ષણિક અને આર્થિક હિતો ને ધ્યાને રાખી તેમના ઉત્કર્ષ માટે વિશેષ ધ્યાન આપી ઉત્તેજન આપે તેમજ તેમનુ સામાજિક અન્યાય અને તમામ પ્રકાર ના શોષણો સામે રક્ષણ કરશે. તેઓને સમાન દરજ્જો અને સમાન ન્યાય આપશે. તદનુસાર, ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓના તથા અનુસૂચિત જનજાતિ ઓ ના સર્વાંગી વિકાસની અનેકવિધ યોજનાઓ અમલમાં મુક્વામાં આવેલ છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતમા અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓની સંખ્યા ૩૫.૯૩ લાખ અને અનુસૂચિત જાતિની સંખ્યા ૭૪.૮૧ લાખ એટલે કે રાજ્ય ની કુલ ૫૦૬.૭૧ લાખ ની વસ્તી ના અનુક્રમે ૭.૦૯ ટકા અને ૧૪.૭૬ ટકા છે. રાજ્ય મા ૨૫ આદિવાસી જાતિ વધારે ઓછી વસ્તી સાથે વસે છે. આ વસ્તી બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, સુરત, વડોદરા, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ અને ડાંગ એમ ૧૧ જીલ્લાઓમાં નિવાસ કરે છે. આદિજાતી પરિયોજના હેઠળ ના વિસ્તારમા રાજ્યના આદિજાતીની કુલ વસ્તીની લગભગ ૮૨% વસ્તી વસવાટ કરે છે.

અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના વિકાસની જરૂરિયાતો આદિજાતિ વિસ્તાર પેટા યોજના અને ખાસ અંગભુત યોજના મારફતે સંતોષવામા આવે છે. રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ના અધ્યક્ષપણા હેઠળ રાજ્ય કક્ષાએ આદિજાતી વિસ્તાર પેટા યોજનાનું આયોજન કરવા માટે રાજ્ય કક્ષાના આયોજન બોર્ડની રચના કરેલ છે. જિલ્લા કક્ષાએ ફાળવવામા આવનાર ૮૦ ટકા

જોગવાઈની યોજનાઓના ઘડતર, અમલીકરણ અને સંકલન માટે જિલ્લા કક્ષાએ જિલ્લા આદિજાતી વિકાસ મંડળની રચના કરવામા આવી છે. રાજ્યસરકારે અનુસૂચિત જનજાતિ માટે નોકરીમાં  અનામતનુ પ્રમાણ ૧૪ ટકા થી વધારીને ૧૫ ટકા કરેલ છે. રાજ્યસરકાર દર વર્ષે રાજ્યના વાર્ષિક વિકાસ કાર્યક્રમ ની કુલ જોગવાઈ ના ૧૭.૫૭ ટકા આદિજાતી વિસ્તાર પેટા યોજના માટે અંકિત કરવાનું  નક્કી કરેલ છે.

રાજય સરકારે સમાજ કલ્યાણ ખાતા દ્વારા વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓ, મફત પુસ્તકો, પુસ્તક બેંક, છાત્રાલયો, આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓ, વિના મુલ્યે સાયકલ પુરી પાડતી વિધ્યાસાધના યોજના વિગેરે દ્વારા શિક્ષણ અને સંસ્કાર ઘડતર ના પ્રયત્નો કરવામા આવી રહ્યા છે. અનુસૂચિત જાતિની વ્યક્તિઓ આર્થિક રીતે પગભર થઈ શકે અને સમાજના અન્ય વર્ગો ના હરોળમાં આવી શકે તે માટે સ્વરોજગારીની માનવ ગરિમા યોજના રાજ્ય સરકારે અમલમાં મૂક્વા ઉપરાંત વિવિધ ક્ષેત્રના વ્યવસાયોમા લોન-સહાય-સબસિડી આપ્વામા આવે છે. જે તાલુકાઓમાં વિકસતી જાતીની નોંધપાત્ર વસ્તી છે, ત્યાં અગ્રતા ના ધોરણે પ્રાથમિક શાળાઓ, રસ્તા ના કામો, પીવાના પાણીના કામો, આરોગ્ય કેન્દ્રો, છત્રાલયો વિગેરે સવલતો ઉભી કરવામા આવેલ છે. આમ, અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ત્વરિત ગતિએ અમલ થઈ રહ્યો છે.

વધુમાં, રાજ્યમાં શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ અને વંચિત-દલિત જનસમુદાયના ઉત્કર્ષ માટે "**ગરીબ સમૃધ્ધિયોજના**" નુ પેકેજ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી અમલમાં મુક્વામા આવેલ છે. જેમા પાંચ વર્ષ મા રૂ.૧૩૦૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. જે વધારીને ૧૨મીં પંચવર્ષિય યોજનામાં (૨૦૧૨-૨૦૧૭)  ₹ ૨૫,૦૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. આ યોજના હેઠળ શહેરી ગરીબોને અન્ય શહેરીજનોના જીવનધોરણ જેવી જ સુવિધાઓ મળી રહે તે માટે જુદા જુદા વિભાગો દ્વારા તેમ્ના હસ્તક ના કાર્યક્રમો ને સંકલિત કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ એક વર્ષમા એક લાખ આવાસો અને એક લાખ શહેરી ગરીબ યુવાનો ને "**ઉમ્મીદ**" કાર્યક્રમ હેઠળ વ્યવસાયી કૌશલ્ય તાલીમ આપીને રોજ્ગારી આપવામા આવશે.

રાજ્યમાં, આદિજાતી કુટુંબો ભારતના અન્ય વિસ્તારોની માફક વિકાસના મીઠા ફળોથી વંચિત રહેલા છે. જેના કારણોમા શિક્ષણનુ નીચુ સ્તર, અપુરતુ પોષણ અને પાયાની સુવિધાઓના અભાવનો સમાવેશ થાય છે. આદિજાતી લોકો છુટાછવાયા વિસ્તારોમા, ટેકરાળ અને વન્ય વિસ્તારોમા રહે છે જે રાજયનો ૧૮% ભૌગોલિક વિસ્તાર આવરી લે છે. ગુજરાતના ૩૮% ગરીબો

અનુસૂચિત જનજાતિમાંથી આવે છે. આદિજાતી વિસ્તારોના સુગ્રથિત અને તાર્કિક વિકાસ માટે રાજ્ય સરકારે ૧૧મી પંચવર્ષિય યોજનામાં ₹૧૫૦૦૦ કરોડની "**વનબંધુ કલ્યાણ યોજના**" અમલમાં મુકેલ હતી. જેમાં વધારો કરી ને ૧૨મી પંચવર્ષિય યોજનામાં (૨૦૧૨-૧૭) ₹ ૪૦,૦૦૦ કરોડ નો અંદાજ છે. વનબંધુ કલ્યાણ યોજના મા આદિજાતી પેટાયોજનાની તમામ યોજનાઓ અને કાર્યક્રમો નો સમાવેશ થાય છે. માત્રઆયોજન નહિ પણ પરીણામ લક્ષી-સમયબદ્ધકાર્ય દ્વારા વનબંધુઓના જીવન મા નવજીવન બક્ષવાનો પ્રયાસ છે. વનબંધુ કલ્યાણ યોજનાએ માન.મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દા કાર્યક્રમ વિકાસયાત્રાની દિશાનું પ્રથમચરણ છે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય ની દ્રષ્ટિ એ જોતા સર્વ રીતે સમતોલ વિકાસ શક્ય બનાવતા આ કાર્યક્રમમા આજ સુધીના અનુભવોના આધારે મહત્વના વ્યુહાત્મક ફેરફારો પણ કરવામા આવ્યા છે. વનબંધુ કલ્યાણ યોજનાના દસ મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. પાંચ લાખ કુટુંબો માટે રોજ્ગારલક્ષી કાર્યક્રમ
૨. શિક્ષણ ની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો પર ભાર
૩. આદિવાસી વિસ્તારોનો વિકાસ વેગવંતો બનાવવો
૪. સૌને માટે આરોગ્ય
૫. સૌને માટે ઘર
૬. તમામ આદિવાસી કુટુંબોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ
૭. સિંચાઈ સુવિધાઓ
૮. બારમાસી રસ્તાઓ
૯. સાર્વત્રિક વીજળીકરણ
૧૦. શહેરી વિકાસ

વધુમાં, રાજ્ય સરકારે આદિજાતી વિસ્તાર વિકાસના અભિગમ ને ચોક્કસ સ્વરૂપ મળી રહે તે માટે "**ગુજરાત પેટર્ન**" નો અભિગમ અપનાવેલ છે. ગુજરાત પેટર્નનુ ભંડોળ ખુટતી કડીઓના જોડાણ માટે, આર્થિકવિકાસ માટે અને સ્થાનિક માળખાકીય સવલતોના વિકાસ માટે ખાસ આયોજીત કરેલ છે. મોટા આંતરજિલ્લાકીય પરિકલ્પો માટે ૨૦% ભંડોળ અંકિત કરેલ છે. આદિવાસી વિસ્તારોમા ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા દસ વર્ષ ના મહત્વ ના કામો જેવા કે, સિંચાઈની સવલતો, હેન્ડપંપ, સામુહિક કુવા યોજના, ઉદવહન સિંચાઈ, ચેકડેમ, ગ્રામ્ય રસ્તાઓનુ બાંધકામ, શાળા ના ઓરડા, ખેતી વિષયક સવલતો, જમીન સમતળ કરવાની કામગીરી, દુધાળા પશુ સહાય, બિયારણ કિટસ આપવી , ઓઈલ એંજીન, જુદા જુદા પ્રકારની તાલીમો, હોસ્પિટલ માટે

સાધનો આપવા, હોસ્પિટલના  રૂમો બનાવવા, એમ્બ્યુલન્સ આપવાની, બાગાયાત ક્ષેત્રે વિવિધ યોજનાઓનો અમલ કરેલ છે.

રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિતજાતિ મા અક્ષરજ્ઞાનની માત્રા વધારવા તથા શિક્ષણમાં  ડ્રોપ આઉટ રેટ ઘટાડવા વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓ, મફત પુસ્તકો, પુસ્તક બેંક, છાત્રાલયો, આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓ, વિના મુલ્યે સાયકલ પુરી પાડતી **વિદ્યાસાધના યોજના** વિગેરે દ્વારા શિક્ષણ અને સંસ્કાર ઘડતરના પ્રયત્નો કરવામા આવી રહ્યા છે અને અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ આર્થિક રીતે પગભર થઈ શકે અને સમાજ ના અન્ય વર્ગોના હરોળમા આવી શકે તે માટે સ્વરોજગારીની **માનવ ગરિમા યોજના** પણ રાજ્ય સરકારે અમલમા મુક્વા ઉપરાંત વિવિધ ક્ષેત્રના વ્યવ્સાયોમા લોન-સહાય-સબસિડી આપવામા આવે છે. આદિવાસીઓ પાસે પોતીકો હુન્નર-કૌશલ્ય અને કારીગરી છે. આ ઉત્પાદનો ને યોગ્ય બજાર મળે અને કારીગરો ને આર્થિક આધાર મળે તેવા પ્રયત્નો કરવામા આવી રહ્યા છે. છેલા પાંચ વર્ષમા આદિવાસી વિસ્તારોમા ખેતી, બાગાયતલક્ષી કાર્યક્રમો, ડેરી, વોટર હાર્વેસ્ટીંગ, સિંચાઈ, કૌશલ્ય નિર્માણ, પાયની સવલતો જેવી કે રોડ અને વિજળી બાબતમા ઉત્સાહજનક પ્રગતિથયેલ છે. આમ, રાજ્યમા સમાજના નબળા અને વંચિત વર્ગોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ત્વરિત ગતિએ અમલ થઈ રહ્યો છે.

રાજ્યના અનુસૂચિત જનજાતિના ધોરણ ૬ થી ૧૨ના તેજસ્વી વિધ્યાર્થીઓને શહેરી વિસ્તારની સારી શાળા જેવુ વાતાવરણ અને ક્વોલીટી એજ્યુકેશન મળી રહે તે માટે કેન્દ્રસરકાર દ્વારા રાજ્યમાં  ૧૯૯૯-૨૦૦૦થી **“એક્લવ્ય મોડેલ રેસીડેંસી સ્કુલ પ્રોગ્રામ”** અમલમા છે. જે અન્વયે રાજ્યમા ૧૧ શાળાઓ કાર્યરત છે. રાજ્ય સરકાર દ્વારા આ સ્કુલો સિંગાપુર સ્થિત **“ગ્લોબલ ઈંડિયા ફાઉન્ડેશન”** અને વડોદરા સ્થિત **“નવરચના એજ્યુકેશન સોસાયટી”** જેવી પ્રોફેશનલ મેનેજમેન્ટને સોંપવામા આવેલ છે.